અપીલ અરજી નં.૧૮૮ તા.૧૫–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણ ડોડીયા
સામાવાળાઃ–(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન,મધ્યસ્થ મહેકમ)
(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણ ડોડીયા ની તા.૨૭–૭–૦૯ ની અરજીથી સને ૧૯૯૩ થી ૨૦૦૭ માં હંગામી તથા રોજીંદા ધોરણે રાખેલ સફાઈ કામદાર તેમજ ફાઈલેરીયા ખાતામાં રાખેલ તમામ ઝોનના કામદારના નામ સાથેનીવિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૮/૨૦૦૯–૧૦

શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણ ડોડીયા ની તા.૨૭–૭–૦૯ ની અરજીથી સને ૧૯૯૩ થી ૨૦૦૭ માં હંગામી તથા રોજીંદા ધોરણે રાખેલ સફાઈ કામદાર તેમજ ફાઈલેરીયા ખાતામાં રાખેલ તમામ ઝોનના કામદારના નામ સાથેની વિગત મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે તા.૧૫–૯–૦૯ની અપીલ અરજીથી મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકા હસ્તકની તમામ ઓફિસોમાં ટોરેન્ટો પાવર તરફથી આવતા માસીક બીલના નાણાંના બિલની વિગત તથા મુદ્દા નં.૩ ટોરન્ટો પાવર તરફથી શહેરમાં જે ડી.પી. બોક્ષ રસ્તા તથા શેરીમાં મુકવામાં આવે છે તે માટે કોઈ મંજુરી કે પૈસા વસુલ કરવામાં આવે છે?તેની માહિતી જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી ન મળવાથી જયારે બીજી અપીલમાં મુદ્દા નં.૨,૫ અને ૬ બાબતે સેન્ટ્રલઝોન તરફથી નહીં મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૧ તા.૨૨–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન,મધ્યસ્થ મહેકમ) અને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની પહોંચ તેમજ અપીલ માટે આધાર પુરાવા કે તેના વાજબીપણાના કારણો વિગેરેનું વિવરણ વિગેરે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧–૧૦–૦૯ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૨ થી ૭ બાબતે માહિતી સે.ઝોનમાંથી આપવામાં આવેલ નથી. જયારે મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૩ થી ૬ તથા મુદ્દા નં.૮ ની માહિતી નોર્થઝોન તરફથી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમ તરફથી તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૫૧ તા.૩૦–૯–૦૯ થી નોંધ વિભાગ તથા સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મહેકમ તથા કાર્યપાલક ઈજનેર તમામઝોનને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૫૩૯ તા.૨૯–૭–૦૯ થી તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, કાર્યપાલક ઈજનેર ઉધનાઝોને સા.ઝોન/મહેકમ/આ.નં.૯૦૧ તા.૬–૮–૦૯ થી મુદ્દા નં.૬ અને ૭ માટે મહેકમ વિભાગને તબદીલ કર્યાની નકલ તથા મુદ્દા નં.૬ અને ૭ અંગે અરજદારને આપેલ માહિતીના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૩ તા.૨૭–૮–૦૯ ની નકલ , કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કતારગામ તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૫૧૬ તા.૮–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં માહિતી અંગે અરજદારને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૫૦૪ તા.૮–૧૦–૦૯ ની નકલ દ.ગુ. વીજ કંપનીના બીલોની વિગતનું લીસ્ટની નકલ, ટોરેન્ટો પાવરને ફાળવેલ જગ્યાના સબસ્ટેશનની વાર્ષિક ભાડાની વિગત હોકીંગઝોન વિસ્તારની યાદીનું લીસ્ટ, નોંધ વિભાગ તા.૨૯–૭–૦૯ ની સેન્ટ્રલઝોનની તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, તથા અરજદાની અરજી અંશતઃ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૨૯૬૦ તા.૧૦–૮–૦૯ થી મ. પોલીસ કમિશ્નર(ટ્રાફીક) તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને માહિતી આપનો પત્ર નં.એન.ઝેડ/૩૬૯૧ આ.નં.૮–૯–૦૮ ના પત્રની નકલ પૂરક વિગતોમાં પૂરી પાડેલ છે.

અરજદારની તા.૨૭–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ સને૧૯૯૩ થી ૨૦૦૭ માં હંગામી તેમજ રોજીંદા ધોરણે રાખેલ સફાઈ કામદારો તેમજ ફાયલેરીયા મેલેરીયા ખાતામાં રાખેલ તમામ ઝોનના કામદારોના નામ સાથેની વિગત. મુદ્દા નં.૨ સુમપા હસ્તકની તમામ ઓફિસોમાં ટોરેન્ટો પાવર તરફથી આવતાં માસિક બીલના નાણાની વિગત દર મહીને કેટલું બીલ આવે છે તેની પુરાવા સાથેની માહિતી. મુદ્દા નં.૩ ટોરેન્ટો પાવર તરફથી શહેરમાં જે ડી.પી. બોકસ રસ્તામાં તેમજ શેરીમાં મુકવામાં આવે લ છે તેના માટે કોઈ મંજુરી કે પૈસા વસુલ કરવામાં આવે છે. તેના પુરાવા સાથે માહિતી. મુદ્દા નં.૪ ટોરેન્ટો પાવરની કલેકશનની મીની લકઝરી બસ શહેરમાં ટ્રાફીકને આડરૂપ રાખી કલેકશન ઉઘરાવવા ઉભી રહે છે તેની પાસે આજ દિ ન સુધી કેટલો દંડ કરેલ છે તેની દંડની રસીદ સાથેની માહિતી . મુદ્દા નં.૫ શહેરના હોકીંગઝોનમાં જે ફોર્મ રૂા.૧૦/– માં વેચાયા તે કુલ કેટલા ફોર્મ વેચાયા તેમજ તેમાં કેટલા ફોર્મમાં અરજદારોને કયા કયા હોકીંગ ઝોનમાં જગ્યા ફાળવવામાં આવેલ છે તેના નામ સરનામા સાથેની માહિતી પુરાવા સાથે આપવી. મુદ્દા નં.૬ શહેરમાં કેટલા ઝોનમાં સને ૨૦૦૫ થી ૨૦૦૯ ના જુન માસ સુધીમાં સફાઈ કામદાર તેમજ લોકસેવામાં તેમજ ફાઈલેરીયા ખાતામાં રોજીંદા દરમાં કેટલા આશ્રિતોને ભરતી કરવામાં આવેલ છે. તે તમામના નામ સરનામા તેમજ ઝોન સાથેની માહિતી પુરાવા સાથે આપવી મુદ્દા નં.૭ સને ૨૦૦૮ થી ૨૦૦૯ માં ડ્રાયવર તેમજ કલીનરની ભરતી કરવામાં આવેલ છે તેના નામ સરનામાં તેમજ તેમના પુરાવાની વિગત સાથેની તમામ માહિતી પુરાવા સાથે આપવી. મુદ્દા નં.૮ સુરત શહેરમાં કુલ કેટલા લારી ગલ્લાના હોકીંગ ઝોન છે અને તેમાં કેટકેટલી કુલ જગ્યા દરેક ઝોનદીઠ છે તેની પુરાવા સાથેની માહિતી કેટલી જગ્યા ફાળ વેલ છે અને કેટલી જગ્યા ખાલી છે તેના નામ સરનામાં સાથેની યાદીની માહિતી માંગેલ. જે અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/૨૭૯ તા.૨૭–૮–૦૯ થી મુદ્દા નં.૧ અને ૭ ની માહિતી તથા વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૬૬ તા.૨૧–૮–૦૯ થી મુદ્દા નં.૩,૫ અને ૮ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૩ તા.૧૭–૮–૦૯ થી મુદ્દા નં.૬ અને ૭ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૪ અંગે એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૨૯૬૦ તા.૧૦–૮–૦૯ ના રોજ મ.પોલીસ કમિશ્નર ટ્રાફીક ચોપાટીને માહિતી માટે તબદીલ કરવામાં આવેલ છે. જયારે એન.ઝેડ/૩૬૯૧ તા.૮–૯–૦૮ થી મુદ્દા નં.૨,૩ ૫ અને ૮ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે તે માહિતી નહીં મળ્યાની અરજદારની અપીલ તબકકેની રજૂઆત કર્યા બાદ એન.ઝેડ/આ.નં.૪૫૦૪ તા.૮–૧૦–૦૮ થી પુનઃ માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમજ અરજદારને જરૂર હોય તો અરજદાર તરફથી જણાવ્યેથી રૂબરૂ તપાસણી માટે પણ બોલાવવામાં આવશે તેવું જણાવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૮૧ તા.૧૧–૮–૦૯ થી ૫૧ પાનાની માહિતી મેળવવા માટે ૧૦૨ જમા કરાવી માહિતી મેળવી લેવા જણાવેલ છે. સા.ઝોન/એસ્ટા./૧૧૬૮ તા.૧૬–૯–૦૯ થી અરજદારને તા.૨૦–૮–૦૯ તથા ૪–૯–૦૯ અને તા.૨૪–૯–૦૯ થી દફતરી ચકાસણી કરી જરૂરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદારે દફતરી ચકાસણી મેળવેલ નથી.

અરજદારે તા.૧૫–૯–૦૯ ની બંને અપીલ અરજીથી (૧) જાહેર માહિતી અધિકારી સી.જે. ગામીત નોર્થઝોન તરફથી આપવામાં આવેલી માહિતી ૩૬૯૧ તા.૮–૯–૦૯ થી માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. ટોરેન્ટો પાવરના માસીક બીલ તેમજ ડી.પી બોકસની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/આ.નં.૪૫૧૬ તા.૮–૧૦–૦૯ થી અત્રે પૂરી પાડેલી માહિતીમાં અરજદારને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૫૦૪ તા.૮–૧૦–૦૯ થી પૂરી પાડેલ માહિતીમાં દ.ગુ.વીજ કંપનીના બીલોનું લીસ્ટ તથા ડીપી અંગેના જગ્યા તેમજ વાર્ષિક ભાડાની યાદી તેમજ હોકીંગ ઝોનની યાદી અરજદારને પૂરી પાડેલ છે. તેમ છતાં અરજદારે તા.૧–૧૦–૦૯ ની અરજીમાં મુદ્દા નં.૧,૩ થી ૬ તથા ૮ બાબતે ની માહિતી નોર્થઝોન તરફથી આપવામાં આવેલ નથી તેવી પૂરક વિગતોમાં પણ રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મળેલી પૂરક વિગતો જોતાં અરજદારને કતારગામઝોન તરફથી મુદ્દા નં.૨,૩,૫ અને ૮ ની માહિતી પૂરી પાડેલ જણાય છે તેમજ મુદ્દા નં.૪ અંગે મ. પોલીસ કમિશનર ટ્રાફીકવિભાગ ચોપાટીને એન.ઝેડ/૨૯૬૦ તા.૧૦–૮–૦૯ ના પત્રથી તબદીલ કરેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૬ ની માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી. પરંતુ મુદા નં.૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ અને ડે.કમિશનર(પઅનેઈ) તરફથી મળેલ હોઈ તે અંગે તકરારને કોઈ સ્થાન નથી.

અરજદારની તા.૧૫–૯–૦૯ ની બીજી અપીલમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન બાબતે મુદ્દા નં.૨,૫ અને ૬ અંગે કોઈ પ્રતિભાવ મળેલ નહીં હોવાની રજૂઆત કરેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૧–૧૦–૦૯ થી પૂરી પાડેલ પૂરક વિગતોમાં મુદ્દા નં.૨ થી ૭ ની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૩૯ તા.૨૯–૭–૦૯ થી તમામઝોનમાં અરજી તમામઝોનના કાર્યપાલક ઈજનેરને તબદીલ કરવામાં આવેલ તેમ છતાં સેન્ટ્રલઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડયાનું કોઈ વિગતો અત્રે મળેલ નથી. ત્યાર બાદ આરટીઆઈ સેલ/૬૭૧ તા.૨૨–૯–૦૯ થી પૂરક વિગતો માટે પણ પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. તબદીલ થયેલ અરજી પૈકી અરજદાર ધ્વારા સેન્ટ્રલઝોન તથા નોર્થઝોનના જાહેર માહિતી અધિકારી સિવાય અપીલ તબકકે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અંગે કોઈ તકરાર ઉપસ્થિત કરેલ ન હોઈ તે બાબતે વિવાદને કોઈ સ્થાન નથી.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૯–૦૯ ની અરજીઓથી માંગવામાં આવેલી માહિતી પૈકી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન કક્ષાએથી મુદ્દા નં.૧ તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી મુદ્દા નં.૨ થી ૭ ની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અનુક્રમે ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.*કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન, મધ્યસ્થ મહેકમ)અને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી.(સેન્ટ્રલ ઝોન).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણ ડોડીયા ,